ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ - ખેડા જિલ્લામાં વર્ષ 2026ના માર્ચ - એપ્રિલથી માંડીને નવેમ્બર - ડિસેમ્બર સુધી વિવિધ તબક્કે ચુંટણીનો માહોલ રહેશે

ચરોતરમાં 2026ના વર્ષમાં તંત્ર ચૂંટણીમાં વ્યસ્ત રહેશે

આણંદ મહાનગર, પાંચ પાલિકા અને જીલ્લા-તાલુકા પંચાયત ચુંટણીઓ બાદ ગ્રામ પંચાયતોની પણ ચુંટણીઓ યોજાશે

(પ્રતિનિધિ) આણંદ તા.14

રાજ્યમાં હાલમાં ચૂંટણીપંચ દ્વારા એસ આઈ આર કાર્યક્રમ હેઠળ મતદાર યાદી સુધારણા માટે ખાસ ઝુંબેશ ગત 4 નવેમ્બરે શરૂ કરવામાં આવી છે. 4 ડિસેમ્બરે કાર્યક્રમ માટે છેલ્લી તારીખ નિશ્ચિત કરવામાં આવી હતી. પરંતુ તેમાં વધારો કરાયો છે. એકંદરે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ચુંટણી પ્રક્રિયા અગાઉ પૂર્ણ કરી દેવામાં આવશે. બાદમાં જ ચુંટણી પ્રક્રિયા માટે જાહેરનામું પ્રસિદ્ધ થાય તેવી શક્યતાઓ જણાઈ રહી છે. ત્યારે હાલના સંજોગોમાં આગામી નવું વર્ષ એટલે કે વર્ષ 2026 ચુંટણીની મોસમનું વર્ષ બની રહેશે.

નવ રચિત કરમસદ આણંદ કોર્પોરેશન અને પાંચ નગરપાલિકાઓ અને જિલ્લા પંચાયત અને આઠ તાલુકા પંચાયત ચુંટણી માટે છ મહિના અગાઉથી જ નવેમ્બર ડિસેમ્બર 2025માં ચુંટણી પ્રક્રિયા શરૂ થવાના અંદાજ કરાતો હતો. જે મુજબ જ રાજકીય ચહલપહલ પણ શરૂ થઈ ગઈ હતી. જોકે આવી પરિસ્થિતિમાં એસ આઇ આર કાર્યક્રમ જાહેર થતાં જ તમામ પ્રકારની ચુંટણીઓ યોજાવા અંગે બ્રેક લાગી ગઈ છે. જોકે હવે એસ આઈ આર કાર્યક્રમ સંપૂર્ણ પણે પૂર્ણ થયા બાદ જ તમામ સ્તરની ચુંટણી યોજાઈ શકે તેવી શક્યતાઓ જણાઈ રહી છે. જોકે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજવાની વાત વધુ એક વખત વિલંબમાં પડી છે, હવે તે સંભવતઃ માર્ચ એપ્રિલ યોજાશે તેવા સંકેતો મળી રહ્યા છે. કોર્પોરેશન પાલિકાઓ અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાઈ શકે તેવી શક્યતા છે. આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકાની, જિલ્લા પંચાયત અને આઠ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ યોજવાની થાય છે.

રાજ્ય ચુંટણી આયોગ ગાંધીનગર દ્વારા ચુંટણી પ્રક્રિયા સંભાવના પગલે કરમસદ આણંદ મહાનગરપાલિકાની સિમાંકન અને અનામત બેઠકો ફાળવવા અંગે જાહેરાત કરી દેવામાં આવી છે. આ અગાઉ આણંદ જિલ્લાના પાંચ તાલુકા પંચાયત અંગે પણ રોટેશન જાહેર કરવામાં આવ્યું છે. હવે માત્ર આણંદ જિલ્લા પંચાયત અને આણંદ અને તારાપુર તાલુકા પંચાયતના નવાં સીમાંકન અને અનામત ફાળવવા અંગે જાહેર પ્રસિધ્ધિ બાકી રહેલ છે. જે પ્રસિધ્ધિ થાય તે માટે ચુંટણી આયોગ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે.

વર્ષ 2011ની વસ્તી આધારે સિમાંકન અને અનામત ફાળવણી કરવામાં આવી

આણંદ મહાનગરપાલિકાની કુલ 13 વોર્ડની 52 બેઠક, જિલ્લા પંચાયતની અંદાજે 40 કે 42 બેઠકો તેમજ આઠ તાલુકા પંચાયતની બેઠકો રહેશે. જે તમામ બેઠકો 2011ની વસતીના આધારે રહેશે. હાલમાં ફક્ત જીલ્લા પંચાયત અને બે તાલુકા પંચાયતની ફાળવણી કરાઈ નથી. આ બેઠકો નિયત થઈ આવ્યા બાદ રોટેશન કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને કોર્પોરેશન પાલિકાઓ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ આગામી સમયમાં અંદાજે ત્રણ ચાર મહીનામાં જ યોજાશે તેમ જાણવા મળે છે. અગાઉ મહાનગરપાલિકાનું નવું સીમાંકન જાહેર કરાયું હતું, એટલે તેના વાંધા સૂચનો મેળવ્યા બાદ આખરી સીમાંકનનું જાહેરનામું પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે.

પ્રથમ તબક્કામાં મહાનગરપાલિકા - નગરપાલિકા બાદ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી

કોર્પોરેશન, પાલિકાઓ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી પ્રક્રિયા માર્ચ - એપ્રિલ મહિનામાં પૂર્ણ થશે. તેવી શક્યતાઓ હાલમાં જણાઈ રહે છે. જોકે આ ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ તુરંત જ સમગ્ર જીલ્લામાં ગ્રામ પંચાયતોની પણ 5 વર્ષની મુદત પૂર્ણ થનાર છે. જેથી આવી ગ્રામ પંચાયત માટે પણ જીલ્લામાં ફરીથી ચુંટણીનો માહોલ જોવા મળી શકે છે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ બાદ ગ્રામ પંચાયત ચૂંટણી માટે પણ કવાયત શરૂ થઈ જશે. જેમાં વર્ષ 2026ના પ્રથમ તબક્કામાં યોજાનાર છે તે મહાનગરપાલિકા નગરપાલિકા તેમજ જિલ્લા પંચાયત અને આઠ તાલુકા પંચાયતનો સમાવેશ કરાશે. આ પછી બીજા તબક્કામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરી વિસ્તારની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પક્ષીય ધોરણે લડાતી હોય છે, જ્યારે ગ્રામ પંચાયતોની ચૂંટણી સ્થાનિક કક્ષાની હોવાથી પક્ષીય ધોરણે લડાતી નથી. જોકે વર્ષ દરમિયાન ચુંટણીનો માહોલ છવાયેલો રહેવાનો છે તે નિશ્ચિત બાબત છે.

ખંભાતના ગઠિયાએ સાયબર માફિયા સાથે મળી 17.50 લાખની હેરફેર કરી

અલગ અલગ રાજ્યના નાગરિકો પાસેથી પડાવેલા નાણા મ્યુલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા

(પ્રતિનિધિ) આણંદ તા.14

ખંભાત તાલુકાના ઉંદેલ ગામના ત્રણ શખસે સાયબર માફિયા સાથે મળી અલગ અલગ રાજ્યના લોકો સાથે છેતરપિંડી આચરી હતી. તેમની પાસેથી મળેલા રૂ.17.50 લાખ મ્યુલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દીધાં હતાં. આ અંગે સાયબર ક્રાઇમ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આણંદ જિલ્લા સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા બેન્ક એકાઉન્ટમાં થયેલા શંકાસ્પદ ટ્રાન્જેકશન અંગેની તપાસ હાથ ધરી હતી. જેમાં એક મ્યુલ એકાઉન્ટમાં રૂ.દસ લાખ જેવી રકમનું ટ્રાન્જેકશન જોવા મળ્યું હતું. આ અંગે તપાસ કરતાં તે શીવમકુમાર કૌશીકભાઈ પટેલ (રહે. લક્ષ્મીપુરા ઉંદેલ, તા.ખંભાત)નું હોવાનું જાણવા મળ્યું હતું. આથી, આ શખસની અટક કરી પુછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે, આ એકાઉન્ટ તેના મિત્ર અમિતકુમાર ઠાકોરભાઈ પટેલ (રહે.ઉંદેલ) સાથે મળી પોતાનો આર્થીક લાભ મેળવવાના હેતુથી રૂ. દસ લાખ જમા કરાવ્યાં હતાં. બાદમાં આ રકમ ચેકથી ઉપાડી લીધી હતી.

વધુ તપાસમાં અમિતકુમાર ઠાકોરભાઈ પટેલ અને તેનો મિત્ર જય ઈલેશભાઈ પટેલ (રહે. ઉંદેલ) પણ ભેગા મળી ઝાકીર મહંમદભાઈ સૈયદ (રહે. ઉંદેલ)ને ખોટી રીતે ભરમાવી વિશ્વાસમાં લઈ તેના બેન્ક એકાઉન્ટની વિગત મેળવી લીધી હતી. બાદમાં રૂ.3.20 લાખ જમા કરાવી ચેકથી ઉપાડી લીધાં હતાં. આ નાણા આગળ તેના મળતીયાને મોકલી આપ્યાં હતાં.

આણંદ સાયબર ક્રાઇમ પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરતાં જયરાજસિંહ ભગવતસિંહ વણાર (રહે. ઉંદેલ)ની પુછપરછમાં અમિત પટેલ, જય ઈલેશ પટેલ (હાલ રહે. લંડન)એ ખંભાતના કાલુપુર બેન્ક એકાઉન્ટની વિગતો મેળવી સાયબર ફ્રોડના રૂ.4.30 લાખ કોઈ પણ રીતે જમા કરાવી દીધાં હતાં. બાદમાં રોકડમાં ઉપાડી લીધાં હતાં. આમ આ ગઠિયાઓએ સાયબર માફિયા સાતે મળી કુલ રૂ.17.50 લાખની છેતરપિંડી આચરી હતી. આ અંગે આણંદ સાયબર ક્રાઇમ પોલીસે અમિત ઠાકોરભાઈ પટેલ, જય ઈલેશ પટેલ અને શીવમકુમાર કૌશીક પટેલ સહિતના ગઠિયાઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નડિયાદમાં 4 શખસે બેંક એકાઉન્ટ ભાડે આપ્યાં

સાયબર માફિયાના છેતરપિંડીના નાણાં સગેવગે કરનારા ચાર સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.14

નડિયાદ શહેર પોલીસ મથકે ઓપરેશન મ્યુલ હન્ટ અંતર્ગત ચાર વ્યક્તિઓ સામે ઓનલાઈન છેતરપિંડીનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા ઉત્કર્ષ સ્મોલ ફાઇનાન્સ બેન્ક પાસેથી આદિલ યુફુસ ચાવડાના નામે નોંધાયેલા એકાઉન્ટની વિગતો મંગાવવામાં આવી હતી. જેની તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આ એકાઉન્ટનો ઉપયોગ આંધ્ર પ્રદેશ અને છત્તીસગઢ રાજ્યમાં થયેલી નાણાકીય છેતરપિંડીના રૂપિયા જમા કરાવવા માટે કરવામાં આવ્યો હતો. આથી, આદિલ ચાવડાની પુછપરછ કરતાં કબુલ્યું હતું કે, અરકાન હુસેન ચાવડા તેને દેવ સ્વપ્નીલ પટેલ પાસે લઈ ગયો હતો. દેવ પટેલે તેને લાલચ આપી હતી કે જો તે પોતાના ખાતામાં 50,000 રૂપિયા જમા કરાવીને રોકડા ઉપાડી આપશે તો તેને કમિશન આપવામાં આવશે. અરકાન પાસે પોતાનું બેંક ખાતું ન હોવાથી આદિલે પોતાનું ઉત્કર્ષ સ્મોલ ફાઇનાન્સ બેન્કનું ખાતું અને ચેકબુક દેવ પટેલને આપી દીધા હતા. બાદમાં માર્કો વોટ્સએપ નંબર ધરાવતી વ્યક્તિ દ્વારા 50,000 રૂપિયાનું ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરવામાં આવ્યું હતું. જે ઉપાડીને આપ્યાં હતાં.

આ સમગ્ર મામલે નડિયાદ શહેર પોલીસે આદિલ યુફુસ ચાવડા, અરકાન હુસેન ચાવડા, દેવ સ્વપ્નીલ પટેલ અને વોટ્સએપ નંબર 8347672156 ના ધારક વિરુદ્ધ ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી છે.

ઉમરેઠ સંતરામ મંદિરમાં ભાગવત કથા નિમિત્તે પોથીયાત્રા નિકળી

ઉમરેઠના સંતરામ મંદિરના 168મા વાર્ષિકોત્સવ અને રજતજયંતિ મહોત્સવના ઉપલક્ષ્યમાં ભાગવદાચાર્ય રમેશભાઈ ઓઝાના વક્તા પદે ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે, જેની શુભ શરૂઆત સંતો-મહંતોની ઉપસ્થિતિમાં થઈ હતી. મંદિરના 168 વર્ષ નિમિત્તે આયોજિત આ મહોત્સવમાં 168 ભાગવત પોથીની ધામધૂમ સાથે નગરયાત્રા પણ નીકળી હતી. બાદમાં કથા પંડાલમાં દરેક પોથીનું અલગ અલગ બ્રાહ્મણ દ્વારા વિધિ વિધાનથી પૂજન કરવામાં આવ્યું હતું. આ શુભ અવસર પર સંતરામ મંદિર ઉમરેઠના મહંત ગણેશદાસજી મહારાજ સાથે મહાનુભાવો હાજર રહ્યાં હતાં. - **તસવીરઃ ધનંજય શુકલ**

મહેમદાવાદમાં ઝાડ સાથે ટ્રેક્ટર અથડાતાં એકનું મોત

ટ્રેક્ટર ચલાવવા બાબતે સ્ટેયરીંગ પર ખેંચતાણ થતાં અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.14

મહેમદાવાદના રીછોલ ગામની સીમમાં ટ્રેક્ટર રોડ સાઈડની ગટરમાં ઉતરી ઝાડના થડિયા સાથે અથડાતા એક વ્યક્તિનું મૃત્યુ નીપજવાની સાથે ત્રણ વ્યક્તિ ઘાયલ થયાં હતાં.

મહેમદાવાદના રીછોલ ગામમાં રહેતો ડ્રાઈવર નિલેશ પ્રભાત પરમાર ટ્રેક્ટર નંબર GJ-07-D F-1546ની ટ્રોલીમાં ભઠ્ઠા પરથી ભરેલી ઈંટો વાઠવાડી ગામે ખાલી કરી ટ્રેક્ટર લઈ પરત જતો હતો. આ સમયે તેની સાથે ટ્રેક્ટરમાં ટ્રેક્ટર માલિક રેખાબેન ઠાકોરભાઈ ઘેલાભાઈ વણજારા (ઉ.વ.32, રહે રીંછોલ) અને સિહુંજ ગામનો સંજયભાઈ પણ સાથે હતા. દરમિયાન રસ્તામાં મળેલા રિછોલ ગામના કમલેશ વિનુ પરમારને ચાલક નિલેશ પરમાર ટ્રેક્ટરમાં બેસાડ્યો હતો. બાદમાં કમલેશ પરમાર ટ્રેક્ટર હંકારવા માંગતા ચાલકે આપવાની ના પાડી હતી. દરમિયાન ટ્રેક્ટર રીંછોલ ગામની સીમમાંથી પસાર થતું હતું તે વખતે કમલેશ પરમારે ટ્રેક્ટર મને ચલાવવા દે તેમ કહી ટ્રેક્ટરનું સ્ટેટીંગ પકડી લેતા ટ્રેક્ટર એકદમ રોડની ગટરમાં ઉતરી જઈ ઝાડના થડીયા સાથે અથડાયું હતું. આ અકસ્માતમાં કમલેશ પરમારને માથામાં ગંભીર ઈજા પહોંચતા મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય 3ને નાની મોટી ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડ્યાં હતા. આ અંગે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

ટ્રેક્ટરના હપ્તા માટે નાણા ન હોવાનું ભાભીએ જણાવતાં માથામાં બોથડ પદાર્થના ઘા ઝીંક્યાં

સંતરામપુરના નાની રેલમાં દિયર ને દેરાણીએ ભાભીની હત્યા કરી

સાત મહિના પહેલા બનેલા બનાવ અંગે એફએસએલનો રિપોર્ટ આવતા ઘટસ્ફોટ થયો

(પ્રતિનિધિ) સંતરામપુર તા.14

સંતરામપુર તાલુકાના નાનીરેલ ગામમાં ટ્રેક્ટરનો હપ્તો લેવા આવેલા બે શખસે 45 વર્ષિય મહિલાને માથામાં બોથડ પદાર્થના ઘા ઝીંકી હત્યા કરી હતી. આ મહિલા પાસે ટ્રેક્ટરના હપ્તા ભરવા માટે રૂ. દસ હજાર ન હોવાની વાત કરતા બન્ને શખસ ઉશ્કેરાઇ ગયા હતા અને હત્યા કરી હતી. આ અંગે સંતરામપુર પોલીસે બન્ને સામે ગુનો નોંધ્યો હતો.

પંચમહાલના મોરવા (હ) ખાતે રહેતા દેવાભાઈ ગગજીભાઈ ગરાસીયાના બહેન કમળાબહેનના લગ્ન સંતરામપુરના નાનીરેલ ગામમાં રહેતા ગોવિંદભાઈ ધીરાભાઈ સિંગડા સાથે પચ્ચીસેક વર્ષ પહેલા થયા હતા. દરમિયાનમાં કમળાબહેન (ઉ.વ.45)નું અગમ્ય કારણોસર 23મી મે,2025ના રોજ મોત નિપજ્યું હતું. આ અંગે સંતરામપુર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં કમળાબહેનના દિયર રાયસીંગ ધીરાભાઈ સિંગડા તથા તેની પત્ની શર્મિષ્ઠાબહેનને ગળે ટુંપો દઇ હત્યા કરી હોવાનું જાણવા મળ્યું હતું. આ બાબતે દેવાભાઈએ એસડીએમમાં રજુઆત કરતાં દફન કરેલા મૃતદેહને બહાર કાઢીને એફએસએલમાં તપાસ માટે મોકલી આપ્યો હતો. જ્યાં કમળાબહેનનું મોત માથામાં બોથડ પદાર્થના ઘા ઝીંકી કરવામાં આવ્યું હોવાનું ખુલ્યું હતું. જેના પગલે તપાસ સઘન બનાવવામાં આવી હતી. જેમાં કેટલીક ઘટસ્ફોટ માહિતી બહાર આવી હતી. કમળાબહેનને કોઇ સંતાન ન હતું. જેથી દિયર રાયસીંગ અને દેરાણી શર્મિષ્ઠાબહેન અવાર નવાર ઝઘડા કરતાં હતાં. આ દરમિયાન 22મી મેના રોજ રાયસીંગે ટ્રેક્ટરનો હપ્તો ભરવા રૂ.10 હજાર માંગ્યાં હતાં. જોકે, કમળાબહેન પાસે નાણા ન હોવાથી તેઓએ આપ્યાં નહતાં. બીજા દિવસે 23મી મેના રોજ સવારના 11 વાગ્યાની આસપાસ કમળાબહેનને માથાના ભાગે દિયર રાયસીંગ અને દેરાણી શર્મિષ્ઠાબહેને કોઇ બોથ્થડ પદાર્થ મારી હત્યા કરી નાંખી હતી. આમ, ટ્રેક્ટરનો હપ્તો ભરવા માટે રૂ. દસ હજાર ન આપતાં હત્યા કરી હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે સંતરામપુર પોલીસે દેવાભાઈ ગરાસીયાની ફરિયાદ આધારે રાયસીંગ ધીરાભાઈ સીંગાડા અને શર્મિષ્ઠાબહેન રાયસીંગ સીંગાડા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચકલાસી પાલિકાના કારોબારી ચેરમેનને 3 જણે ધમકી આપી

લીકેજ બાબતે ફરિયાદ કરનારા શખસ સહિત 3 જણે ફેંટ પકડી લીધી

(પ્રતિનિધિ) નડિયાદ તા.14

ચકલાસી નગરપાલિકાના કારોબારી અધ્યક્ષે બદનામ કરવા બાબતે ઠપકો આપતા ત્રિપુટીએ કારોબારી ચેરમેનને અપશબ્દો કહી ઝપાઝપી કરી જાનથી મારી નાખવાની ધમકી હતી.

ચકલાસીના મહાદેવપુરા વિસ્તારમાં રહેતા સુરેશભાઈ પુનમભાઈ વાઘેલા (ઉંમર આશરે 42) ચકલાસી નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ તરીકે કાર્યરત છે. તેઓ તેમના મિત્રો રતનસિંહ વાઘેલા, જશભાઈ રૂમાલભાઈ જાદવ અને રામાભાઈ શંકરભાઈ વાઘેલા સાથે ચીતલ ચોકડી ખાતે ભજીયા ખાવા બેઠાં હતાં. આ સમયે તેમના મોબાઈલ પર ફોન કરનારે ઘરે લીકેજ હોવાનું જણાવી સુરેશભાઈને મળવા માટે બોલાવ્યા હતા. જોકે, સુરેશભાઈએ તેમને ભજીયાની હોટલે બોલાવતા હીંમત ઉર્ફે કાળીયો વાઘેલા (રહે. રામપુરા, ચકલાસી) એક્ટિવા લઈને હોટલે પર આવ્યો હતો. આ સમયે બન્ને વચ્ચે શાબ્દીક ટપાટપી થઈ હતી. વાત વણસી જતાં કારોબારી ચેરમેન સુરેશભાઇ વાઘેલા સાથે ઝઘડો થયો હતો. દરમિયાન ઉશ્કેરાયેલા હિંમત ઉર્ફે કાળીયો વાઘેલાએ ફેટ પકડી કારોબારી ચેરમેન સુરેશભાઈ વાઘેલા સાથે ઝપાઝપી કરી હતી. તે દરમિયાન અન્ય બે અજાણ્યા માણસોએ પણ હિંમતનો પક્ષ લઈને કારોબારી ચેરમેન સાથે ઝપાઝપી કરી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ચકલાસી પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

કરમસદ હોસ્પિટલમાં 'મેગા પ્રોસ્થેસિસ' ઈમ્પ્લાન્ટની જટિલ સર્જરી કરાઇ

ઘૂંટણના હાડકાંનું કેન્સર સફળતાપૂર્વક દુર કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) આણંદ તા.14

કરમસદ સ્થિત શ્રીકૃષ્ણ હોસ્પિટલ ખાતે 37 વર્ષના એક મિકેનિકના ઘૂંટણને જોડતા હાડકાંમાં થયેલી કેન્સરની ગાંઠ (ફીમરમાં જાયન્ટ સેલ ટ્યુમર) ને સફળતાપૂર્વક દૂર કરીને મેગા પ્રોસ્થેસિસ ઈમ્પ્લાન્ટ નાંખી જટિલ સર્જરી કરવામાં આવી છે. આ હોસ્પિટલના કેન્સર અને ઓર્થોપેડિક વિભાગની ટીમે આ કામગીરી પાર પાડીને દર્દીના જીવનને સરળ બનાવ્યું છે.

આણંદના કરમસદ સ્થિત શ્રીકૃષ્ણ હોસ્પિટલમાં દાખલ કરાયેલા દર્દીએ અગાઉ અમદાવાદની એક હોસ્પિટલમાં બાયોપ્સી કરાવી હતી, જ્યાં તેમને ઘૂંટણને જોડતા હાડકાંમાં કેન્સરની ગાંઠ હોવાનું નિદાન થયું હતું. આ દર્દી બાઇક રિપેર કરવાના કામ દરમિયાન તેમના ઘૂંટણમાં ફ્રેક્ચર (પેથોલોજી) થતાં તેમની સ્થિતિ વધુ ગંભીર બની ગઈ હતી. બાદમાં તેઓ અમદાવાદની સરકારી હોસ્પિટલના ઓર્થોપેડિક વિભાગમાં સારવાર માટે ગયા હતા, જ્યાં તેમને ત્રણ મહિનાનો લાંબો વેઈટિંગ ટાઈમ જણાવાયો હતો. આ અગાઉ શ્રી કૃષ્ણ હોસ્પિટલમાં સારવાર લીધેલા તેમના સગાં-વહાલાંની સલાહ પર દર્દી આવ્યા હતા,.

અહીં ઓર્થોપેડિક વિભાગના વડા ડો. ધ્રુવ શર્માએ દર્દીની તપાસ કરી ઘૂંટણમાં ફ્રેક્ચર હોવાનું નિદાન કર્યું હતું અને કેન્સરની ગાંઠને કારણે તેમને કેન્સર વિભાગમાં બતાવવા જણાવ્યું હતું. તેઓ કેન્સર સર્જન ડો. જી.સી. રઘુનંદને દર્દીના બાયોપ્સી રિપોર્ટનું નિરીક્ષણ કર્યું. બાદમાં ડો. રઘુનંદન અને ડો. ધ્રુવ શર્માએ સાથે મળીને દર્દીની સર્જરી કરવાનું નક્કી કર્યું હતું.

આ જટિલ સર્જરી મલ્ટી સ્પેશિયાલિટી ટીમ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવી, જેમાં ઓન્કોલોજી, ઓર્થોપેડિક અને એનેસ્થેસિયા વિભાગની મદદ લેવામાં આવી. ડો. રઘુનંદને સર્જરી કરીને ઘૂંટણને જોડતા હાડકાંમાંથી કેન્સરની ગાંઠ દૂર કરી. ત્યારબાદ ઘૂંટણના ફ્રેક્ચર માટે ડો. ધ્રુવ શર્મા અને તેમની ટીમે મેગા પ્રોસ્થેસિસ ઈમ્પ્લાન્ટ કર્યું. આ સર્જરી ઘણી લાંબી ચાલી હોવાથી, એનેસ્થેસિયા ડોક્ટર ડો. નિરાલી પંચાલે સર્જરી દરમિયાન અને પછી દર્દીની સંભાળ રાખી હતી. આ સર્જરી પછી ફિઝિયોથેરાપી ટીમે દર્દીને સારવાર આપી, જેના પરિણામે હવે દર્દી સરળતાથી ચાલી શકે છે. મહત્વની વાત એ છે કે આ જટિલ સર્જરી આયુષ્માન યોજના અંતર્ગત નિઃશુલ્ક કરી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225